Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડકટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૩૦ ● સળંગ અંક : ૧૧૧૮ ● પ્રકાશિત તા-૧૪-૬-૨૦૨૬,રવિવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## ભારતનું મલ્ટી-લેયર્ડ બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હી : ભારતે સંરક્ષણ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી લીધી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનએ દેશની સુરક્ષાને અભેદ્ય બનાવતા પોતાની મલ્ટી-લેયર્ડ બેલેસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનું સતત ૩ વખત સફળ પરીક્ષણ કર્યું છે. આ અત્યાધુનિક સિસ્ટમ દુશ્મનની લાંબી અને મધ્યમ અંતરની પરમાણુ મિસાઈલો તેમજ ફાઈટર જેટ્સને અધવચ્ચે જ રોકીને હવામાં તોડી પાડવા માટે સક્ષમ છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એ પોતાની આ બહુસ્તરીય સંરક્ષણ ક્ષમતાનું



પ્રદર્શન કરવા માટે ૧૦ અને ૧૧ જૂન ૨૦૨૬ના રોજ આ પરીક્ષણો કર્યા હતા. દેશની આ મોટી સફળતા બદલ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આ પરીક્ષણ પૃથ્વીના વાતાવરણની અંદર અને વાતાવરણની સરહદની બહાર એમ બંને સ્તરે મિસાઈલોને તોડી પાડવાની ક્ષમતા ચકાસવા માટે કરવામાં આવ્યું હતું, જે સંપૂર્ણપણે સચોટ રહ્યું હતું. વિશિષ્ટ દેશોના ક્લબમાં એન્ટ્રીઃ આ સફળતા સાથે જ ભારત દુનિયાના એવા ગણતરીના અને વિશિષ્ટ દેશોના સમૂહમાં સામેલ થઈ ગયું છે, જેમના વૈશ્વિક સ્તરે ૫,૦૦૦ કિલોમીટરથી વધુ અંતરની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલોને અવકાશ કે હવામાં જ આંતરીને નષ્ટ કરવાની અદભુત ટેકનોલોજી છે.

## અમરનાથ યાત્રાની તૈયારીની કેન્દ્રિય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા સમીક્ષા

નવીદિલ્હી : કેન્દ્રનાં ગૃહપ્રધાન અમીત શાહ દ્વારા શુક્રવારે એક ઉચ્ચ કક્ષાની બેઠક યોજવામાં આવી હતી જેમાં અમરનાથ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરાઈ હતી. યાત્રામાં સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવા નિર્ણય લેવાયો હતો. બેઠકમાં એનએસએ અજીત ડોભાલ, જમ્મુ કાશ્મીરનાં એલજી મનોજ સિંહા, આર્મી ચીફ ઉપેન્દ્ર દ્રિવેદી તને સીઆરપીના વડા જી. પી. સિંહ હાજર રહયા હતા. અમરનાથ યાત્રા દર વર્ષે જુનથી ઓગષ્ટમાં યોજવામાં આવે છે. જયાં યાત્રાળુઓ



અમરનાથની પવીત્ર ગુફામાં સ્વયંભુ પ્રગટ થતા બરફનાં શીવલીગ બાબા બર્ફાનીની દર્શન કરે છે. બેઠકમાં યાત્રા દરમ્યાન સુરક્ષાની વ્યવસ્થા લોજીસ્ટસાસ પ્લાનીગ, જુદીજુદી એજન્સીઓ વચ્ચે સાંકલન જમ્મુ કાશ્મીરમાં સીઆરપીએફના જવાનોની તાહેનાતી પોલીસની તાહેનાતીના મુદા ચર્ચાયા હતા. ખાસ કરીનો યાત્રા સુરક્ષીત અને સુચારું રીતે પાર પડે તે માટે યોગ્ય આયોજન કરવાનાંમુદા ચર્ચાયા હતા.

આ વર્ષે યાત્રા ૩ જુલાઈથી ૨૮ ઓગષ્ટ સુધીપ૭ દિવસ માટે ચાલવાની છે. ખાસ તો યાત્રાળુઓ કોઈ અવરોધો વિના સુરક્ષીત રીતે યાત્રા કરે તો માટે તોમજ આકસ્મીક વ્યવસ્થાની સમીક્ષા કરાઈ હતી. તમામ રસ્તા નો ફલાઈંગ ઝોન જાહેર : આ વખતે યાત્રાની સુરક્ષાનો ધ્યાનમાં રાખીનો યાત્રાનાં તમામ રસ્તાનો નો ફલાઈંગ ઝોન જાહેર કરાયા છે. ૧ જુલાઈથી યાત્રા પુરી થાય ત્યાં સુધી તેનો અમલ ચાલુ રહેશે. આ વખતે હેલીકોપ્ટર સેવાઓ મળી શકશે નહી.

ADMISSION OPEN for JUNE 2026 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)
ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
પ્રવેશ માટે સંપર્ક કરો
ગણેશ કન્યા વિદ્યાલય
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી ડો.અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.
આચાર્યશ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ
વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)
નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફલેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## અમદાવાદ એરપોર્ટના લગેજ કાઉન્ટર પર

# વજન કાંટામાં ગોલમાલ કરાતી હોવાની યાત્રીઓની બુમરાણ..!!?

### ઘરે વજન બરાબર પણ એરપોર્ટ પર ૨૫ કિલો વજન કરતાં ૨૦૦થી૩૦૦ ગ્રામ વધુ બતાવે છે

અમદાવાદ : અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિવિધ એરલાઈન્સ વેઈગ સ્કેલના વજન કાંટા વજનમાં મોટો તફાવત આવતો હોવાના કારણે પેસેન્જરોને મજબુરીમાં વધારાના પૈસા ચુકવવા પડે છે. મુસાફરો પોતાના ઘરેથી સામાનનું ચોકકસ વજન કરાવીને નીકળતા હોવા છતાં એરપોર્ટ પર એરલાઈન્સના કાંટામાં ૨૦૦થી૩૦૦ ગ્રામ જેટલું વજન વધુ દર્શાવવામાં આવે છે. આ તફાવતના કારણે કાં તો મુસાફરોએ પોતાનો કિમતી સામાન બહાર ફેકી દેવો પડે છે. અથવા તો મોઘા ભાવનો એકસેસ લગેજ ચાર્જ ચુકવવો પડે છે. પેસેન્જરોની ફરીયાદ અંતર્ગત તપાસ કરવાના બદલે વિભાગે એરપોર્ટ પર ઓછા વછન અને નોન સ્ટાન્ડર્ડ વજન કાંટાના કેસ કરી ત્રણ એકમોને ૪૦ હજારનો દંડ ફટકારી સંતોષ માની લીધો હતો. ગ્રાહકોએ કહયું કે, ઉદાહરણ તરીકે એરલાઈન્સની મર્યાદા મુજબ ઘરેથી ૨૫ કિલો વજન કરાવીને જઈએ તો પણ એરપોર્ટ પર તો ૨૫ કિલો કરતાં ૨૦૦થી ૩૦૦ ગ્રામ વધુ વજન બતાવે છે. જે શંકાસ્પદ હોવાનો રજુઆત સાથે પેસેન્જરો દ્વારા ગત ૨૯-૧૨-ના રોજ તોલમાપ વિભાગને ફોટોગ્રાફીકસ પુરાવા આપી લેખીત ફરીયાદ કરાઈ હતી. આમ છતાં તોલમાપ વિભાગના અધિકારીઓએ એરલાઈન્સના વેઈગ સ્કેલ સ્ટાન્ડર્ડ છે કે નહી તેની કોઈ મુખ્ય તપાસ જ કરી નથી. અત્યંત વિલંભ બાદ તા.૪-૨-૨૬ના રોજ ગ્રાહક સુરક્ષા મંડળની ગેરહાજરીમાં માત્ર અધુરી તપાસ કરાઈ હોવાના પણ આક્ષેપ છે. માહિતી મુજબ તંત્રે માત્ર ત્રણ ખાણીપીણી સહીત અન્ય સ્ટોલ પર લીગલ મેટ્રોલોજી એકટ અને પેકેજ કોમોટીઝ નિયમોના ભંગ બદલ કુલ રૂપિયા ૪૦,૦૦૦નો માંડવાળ દંડ વસુલીને સંતોષ માની લીધી છે. ગ્રાહક સુરક્ષા એજન્સના આક્ષેપ મુજબ એરપોર્ટ પર લગેજ સ્કેલ સાચુ વજન બતાવે છે કે નહી તેની ચકાસણી માટે કોઈ સ્ટાન્ડર્ડ સરકારી વજન મુકવામાં આવ્યા નહોતા. વિનયમ અનુસાર ઈલેકટ્રોનીક વજનકાંટાની ક્ષમતાના ૧૧૦ ભાગના સ્ટાન્ડર્ડ સર્ટીફાઈડ વજનો પણ ત્યાં હાજર નહોતા. તદઉપરાંત સરકારી વેરીફીકેશન સટીફીકેટ પણ દેખાય તે રીતે પ્રદર્શીત કરાયા નહોતા.

## ૮૦ વર્ષે પણ જરૂરતમંદોને મદદ પહોંચાડે છે

અમદાવાદ : સમાજમાં મોટા ભાગના લોકો નિવૃત્તિ બાદ આરામદાયક જીવન પસંદ કરતા હોય છે. પરંતુ કેટલાક લોકો માટે સેવા કયારેય નિવૃત્ત થતી નથી. આવી જ વાત સાયન્સ સીટી વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષીય સુધીર મોદીની છે. જેઓ એક વરીષ્ઠ તબીબી તરીકે જરૂરીયાતમંદ દર્દીઓ સુધી નિ:શુલ્ક સારવાર પહોચાડી માનવસેવાનું કાયે કરી રહયા છે. તેઓ કહે છે કે, ૪૬ વર્ષ સુધી પોતાની કિલનીક ચલાવી. આ દરમ્યાન નવરંગપુરા રામબાગ, લખુડી તલાવડી અને આસપાસના પછાત વિસ્તારોમાં રહેતા સામાન્ય અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને વિનામૂલ્યે સારવાર આપી તેમજ દવા ખરીદવાના પૈસા ન હોય તેવા સંજોગોમાં સ્વખર્ચે દવાઓ આપી જરૂરી સહાય પણ કરી. આજે નિવૃત્ત છું ઘરે આરામથી સમય પસાર કરવાને બદલે સમાજ સેવાનો સંકલ્પ કર્યો. સરદાર પટેલ કોલોની પાસે આવેલા એક ફાઉન્ડેશનના છેલ્લા ત્રણ વર્ષથી દર મંગળવારે અને શુક્રવાર નિ:શુલ્ક સારવાર આપું છું. અત્યાર સુધીમાં આશરે ૪,૦૦૦થી વધુ દર્દીઓને પેટની બીમારી શ્વાસની સમસ્યા એસીડીટી અને સાંધાનો દુખાવા સાથે વિવિધ ગંભીર રોગોના દર્દીઓને મદદરૂપ થઈ ચુકયા છે. આજે કોઈને નાની સરખી મદદ પણ અનેક રસ્તાઓ ખોલી દે છે. નિવૃત્તિ બાદ સમાજ સેવા એક મોટો પડકાર છે. પરંતુ સુધીરભાઈ માટે આ પડકાર નહી પરંતુ સમાજના જરૂરતમંદોને આગળ લઈ જવાની અને હિંમત આપવાની ભાવના છે.

# વાડજ પોલીસનો ડબલ ધડાકો: ઘરફોડ ચોરી ગેંગ અને એક્ટિવા ચોર ઝડપાયા

અમદાવાદ : શહેરમાં મિલકત સંબંધિત ગુનાઓ સામે વાડજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ ટીમે એક જ દિવસે બે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. ઘરફોડ ચોરી કરતી ગેંગના બે સભ્યોને રૂ. ૩.૪૨ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડવાની સાથે પોલીસે આઠ મહિનાથી અનડિટેકટ રહેલા એક્ટિવા ચોરીના ગુનાનો પણ ભેદ ઉકેલી આરોપીની ધરપકડ કરી છે.

પોલીસે મળેલી બાતમીના આધારે તપાસ હાથ ધરતા કમલેશ અમરા કીર (ઉ.વ. ૨૪) અને ગોવિંદ શંકર કીર (ઉ.વ. ૨૩) નામના આરોપીઓને ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓ ઘરમાં સાફ-સફાઈ કરવાના બહાને પ્રવેશ મેળવી કિંમતી દાગીના અને રોકડ રકમની ચોરી કરતા હોવાનું બહાર આવ્યું છે. તેમની પાસેથી રૂ. ૩.૪૦ લાખની કિંમતની સોનાની મગમાળા અને રોકડ રૂ. ૨,૫૦૦ મળી



કુલ રૂ. ૩,૪૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, વાડજ પોલીસની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ, ANPR સિસ્ટમ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે છેલ્લા આઠ મહિનાથી અનડિટેક્ટ રહેલા એક્ટિવા ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસે ઈલામ દસ્તગીર યાકુબભાઈ શેખ (ઉ.વ. ૩૫)ની ધરપકડ કરી તેની પાસેથી ચોરી કરાયેલી હોન્ડા એક્ટિવા (GJ-01-MB-2762) કબજે કરી હતી. વાહનની અંદાજિત કિંમત રૂ. ૧૫ હજાર હોવાનું જણાવાયું છે.

આ બંને સફળ કામગીરી શહેર પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ વાડજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.પી. ગરાસિયા અને પો.સબ.ઈન્સ્પેક્ટર જી.આર. આલના નેતૃત્વમાં સર્વેલન્સ સ્કોડ ટીમ દ્વારા કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરમાં મિલકત સંબંધિત ગુનાઓને નાથવા માટે ટેક્નોલોજી અને માનવ બાતમીના સંકલનથી સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેના પરિણામે ગુનેગારો સામે અસરકારક કાર્યવાહી શક્ય બની રહી છે.













## ફ્રી-હોલ્ડ ! આશીર્વાદ કે આંતરિક વિખવાદનું નવું કારણ? વાંચો વિશેષ અહેવાલ

# હાઉસિંગ બોર્ડના મકાનોમાં ફ્રી-હોલ્ડ બાદ રિડેવલપમેન્ટ પર અસરો ..!?

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : ગુજરાત સરકાર દ્વારા ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો અને જમીનને ફ્રી-હોલ્ડ કરવાની દિશામાં ગંભીર વિચારણા ચાલી રહી છે, ત્યારે આ નિર્ણયની રિડેવલપમેન્ટ પ્રક્રિયા પર કેવી અસરો પડશે તે અંગે કાયદાકીય, સામાજિક અને આર્થિક સ્તરે મોટો ગણગણાટ શરૂ થયો છે. જમીન ફ્રી-હોલ્ડ થવાથી સભ્યોને માલિકી હક તો મળશે, પરંતુ તેની સાથે જ સોસાયટીઓમાં આંતરિક વિવાદો, બિલ્ડરો સાથેના અસમંજસ અને કાયદાકીય ગૂંચવણોનો નવો દોર શરૂ થવાની પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

તાજેતરમાં કેટલાક મીડિયામાં પ્રસિદ્ધ થયેલ અહેવાલો મુજબ, સરકારના શહેરી વિકાસ વિભાગે હાઉસિંગ બોર્ડની ૯૯ વર્ષના ભાડાપટ્ટે જમીનો જે તે કોલોનીઓ કે સોસાયટીના સંચાલક મંડળ (સ્થાનિક એસોસિયેશન) ને સોંપવા વિચારણા શરુ કરી છે. તેના માટે જંત્રીના ૩૦ થી ૪૦ ટકા રકમ લેવાની દરખાસ્ત બોર્ડ

**૧૫૦૦૦ ચોમી જમીન....ખુલ્લી જમીનની જંત્રી (ટીપી-૨૯) ૩૫૦૦૦-૦૦**
**૧૫૦૦૦ X ૩૫૦૦૦ ખુલ્લી જમીનની જંત્રી ભાવ = રૂ. ૫૨,૫૦,૦૦, ૦૦૦/-**
**એક એકસપર્ટના મત મુજબ, ૧૫૦૦૦ ચોમી જમીન (પ્લોટ) માટે ફ્રી હોલ્ડ માટે અંદાજીત કુલ ખર્ચની રૂ.૫૨,૫૦,૦૦, ૦૦૦/- થઈ શકે, જો આ ખર્ચને સોસાયટીના કુલ સભ્યો સંખ્યા ૨૦૦ વચ્ચે વહેચવામાં આવે તો એક સભ્ય દીઠ આશરે રૂ. ૨૬,૨૫,૦૦૦/- થઈ શકે છે.આમ એક સભ્ય દીઠ આ રકમ ભરવામાં આવે તો જ જમીન ફ્રી હોલ્ડ થઈ શકે.**

દ્વારા સરકારને પાઠવાઈ છે.જેમાં હાઉસિંગ બોર્ડ હસ્તકના મકાનો જમીન સહિત ફરી હોલ્ડ કરવાની દરખાસ્ત છે.

એટલે કે આ વાત માનીએ તો સરકાર માલિકી હક્ક આપશે, પરંતુ જંત્રીના જંત્રીના ૩૦ થી ૪૦ ટકા રકમ સોસાયટીના સંચાલક મંડળોને ભરવાની તૈયારી રાખવી પડશે.

એક એકસપર્ટના મત મુજબ, ઉદાહરણ તરીકે નારણપુરા વિસ્તારમાં આવેલ કોઈ એક સોસાયટીની (કોલોનીની) વાત કરીએ તો...

૧૫૦૦૦ ચોમી જમીન....ખુલ્લી જમીનની જંત્રી (ટીપી-૨૯) ૩૫૦૦૦-૦૦

૧૫૦૦૦ X ૩૫૦૦૦ ખુલ્લી જમીનની જંત્રી ભાવ = રૂ. ૫૨,૫૦,૦૦, ૦૦૦/-

એક એકસપર્ટના મત મુજબ, ૧૫૦૦૦ ચોમી જમીન (પ્લોટ) માટે ફ્રી હોલ્ડ માટે અંદાજીત કુલ ખર્ચની રૂ.૫૨,૫૦,૦૦, ૦૦૦/- થઈ શકે, જો આ ખર્ચનો સોસાયટીના કુલ સભ્યો સંખ્યા ૨૦૦ વચ્ચે વહેચવામાં આવે તો એક સભ્ય દીઠ આશરે રૂ. ૨૬,૨૫,૦૦૦/- થઈ શકે છે.આમ એક સભ્ય દીઠ આ રકમ ભરવામાં આવે તો જ જમીન ફ્રી હોલ્ડ થઈ શકે.

આ ઉપરાંત એકસપટનું માનીએ તો જમીનનું (ફ્રી હોલ્ડ કરાવા) માલિકીપણું મેળવવા માટે રૂા. ૫૨૫, ૦૦૦, ૦૦૦/- ખર્ચ થઈ શકે છે. આ ઉપરાંત રીડેવલપમેન્ટ માટે ખરીદવી પડતી ૨.૨ એફએસઆઈનો ખર્ચ ગણીએ તો અલગથી ડેવલપરને હજુ પણ આશરે ૫૦ કરોડ જેવી માતબર રકમ ભરવાની શક્યતાઓ રહેલી છે, ત્યારે ફ્રી હોલ્ડ કર્યા બાદ રીડેવલપમેન્ટની શક્યતાઓ ઓછી થઈ શકે છે.

# ફ્રી-હોલ્ડ બાદ સોસાયટીઓના રિડેવલપમેન્ટ પર સંભવિત અસરો..!!?

અમદાવાદ : ફ્રી હોલ્ડ બાદ જમીન માલિકી હક અને આંતરિક વિવાદો સહિતના મુદ્દાઓ બાદ જો રિડેવલપમેન્ટની વાત કરીએ તો **૭૫ ટકા સંમતિ સામે** **૧૦૦ ટકા સહમતિનો પ્રશ્ન :** સરકારી રિડેવલપમેન્ટ નીતિઓમાં એટલે કે હાઉસીંગ બોર્ડના ટેન્ડર પ્રક્રિયા મુજબ, સામાન્ય રીતે ૭૫ ટકા સંમતિના આધારે પ્રક્રિયા આગળ વધારવાની જોગવાઈ જોવા મળે છે. જોકે ફ્રી હોલ્ડ સોસાયટીઓમાં વ્યવહારિક રીતે તમામ સભ્યોને સાથે રાખવાની જરૂરિયાત ઊભી થતી હોવાથી પ્રક્રિયા લાંબી બની શકે છે.

વિરોધી સભ્યો દ્વારા કાનૂની કાર્યવાહી કે વાંધાઓ રજૂ થતાં પ્રોજેક્ટોમાં વિલંબ થવાની શક્યતા રહે છે.

**જવાબદારી સોસાયટીના હોદ્દેદારો પર :** ફ્રી હોલ્ડ થયા બાદ સોસાયટીના ચેરમેન, સેક્રેટરી અને મેનેજિંગ કમિટીની જવાબદારીમાં વધારો થાય છે. બિલ્ડરની પસંદગી, કરાર, કાનૂની દસ્તાવેજો અને સભ્યો વચ્ચે સમન્વય જાળવવાની ફરજ સીધી સોસાયટી પર આવી પડે છે.

ઘણા કિસ્સાઓમાં હોદ્દેદારો વ્યક્તિગત જવાબદારી લેવાનું ટાળતા હોવાથી રિડેવલપમેન્ટની પ્રક્રિયા અટકી જવાની કે લાંબી ખેંચાવાની શક્યતા પણ રહેલી છે.

### એફએસઆઈ ખર્ચ અને બિલ્ડરોની ઓફરો

જંત્રીના દરો અને વધતા એફએસઆઈ ખર્ચને કારણે રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની આર્થિક ગણતરી વધુ જટિલ બની રહી છે. કેટલાક બિલ્ડરો હાલની બજાર પરિસ્થિતિમાં રહેણાંક એકમોમાં આશરે ૪૦ ટકા અને દુકાનોમાં ૨૫ ટકા જેટલા વધારાની ઓફરો આપતા હોવાનો દાવો કરે છે. પરંતુ કેટલાક રહેવાસીઓ એવો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો ફ્રી હોલ્ડ બાદ જમીન સંપાદન અને અન્ય ખર્ચમાં વધારો થતો હોય તો બિલ્ડર દ્વારા વધુ લાભ આપવાની આર્થિક ગણતરી કેટલી વ્યવહારુ છે.

### ખાનગી રિડેવલપમેન્ટમાં કાનૂની જોખમો

ખાનગી બિલ્ડર સાથેના કરારોમાં મતભેદ, વિવાદ અથવા પ્રોજેક્ટમાં વિલંબ થાય તો સોસાયટીના સભ્યોને કોર્ટ-કચેરીના ખર્ચાઓ સ્વખર્ચે ઉઠાવવા પડી શકે છે. તેમાં વકીલ ફી, કોર્ટ ફી અને લાંબી કાનૂની પ્રક્રિયાનો ખર્ચ સામેલ હોઈ શકે છે.

જો બિલ્ડર નાદારી જાહેર કરે અથવા પ્રોજેક્ટ અધૂરો છોડી દે તો રહેવાસીઓ માટે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે.બીજી તરફ, સરકારી એજન્સીઓની દેખરેખ હેઠળના પ્રોજેક્ટોમાં સરકારની ભૂમિકા અને નીતિગત સુરક્ષાઓ રહેવાસીઓ માટે એક પ્રકારનું રક્ષણ પૂરું પાડે છે તેવી દલીલ પણ કરવામાં આવે છે.

ગુજરાત હાઉસિંગ બોર્ડની મિલ્કતોને ફ્રી હોલ્ડ કરવાનો નિર્ણય રહેવાસીઓને માલિકીના વધુ અધિકારો આપી શકે છે, પરંતુ તેની સાથે સોસાયટી વહીવટ, સભ્યો વચ્ચેના વિવાદો, કાનૂની જવાબદારીઓ અને રિડેવલપમેન્ટ પ્રક્રિયાના નવા પડકારો પણ ઊભા કરી શકે છે.

નિષ્ણાતોનું માનવું છે કે ફ્રી હોલ્ડ અંગે અંતિમ નિર્ણય લેતા પહેલાં સરકાર, હાઉસિંગ ક્ષેત્રના જાણકારો અને રહેવાસી સંગઠનો વચ્ચે વ્યાપક ચર્ચા થવી જરૂરી છે, જેથી ભવિષ્યમાં ઉભા થઈ શકતા વિવાદો અને જોખમોને ઓછા કરી શકાય અને રહેવાસીઓના હિતોનું યોગ્ય રક્ષણ થઈ શકે.

# ફ્રી હોલ્ડ બાદ જમીન પર માલિકી હક અને આંતરિક વિવાદોની શક્યતા..!?

અમદાવાદ : એકસપર્ટના મત મુજબ, ફ્રી હોલ્ડ થયા બાદ સોસાયટીની જમીન અને મિલ્કત પર સભ્યોનો સીધો માલિકી હક ઉભો થાય છે. આવી સ્થિતિમાં ગ્રાઉન્ડ ફ્લોરના સભ્યો દ્વારા વર્ષોથી ઉપયોગમાં લેવાતી વધારાની ખુલ્લી જગ્યા, પાર્કિંગ, ઓટલા કે ગેરકાયદેસર બાંધકામ અંગે વિવાદો ઊભા થઈ શકે છે.

પ્રથમ અને બીજા માળના રહેવાસીઓ એવો પ્રશ્ન ઉઠાવી શકે છે કે કોમન જમીનનો લાભ માત્ર કેટલાક સભ્યોને જ કેમ મળવો જોઈએ. પરિણામે પાર્કિંગ, ખુલ્લી જગ્યા અને વધારાના બાંધકામ અંગે મતભેદો વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

કોમન પ્લોટ અને કોર્નર પ્લોટના પ્રશ્નો : સોસાયટીમાં આવેલા કોમન પ્લોટના ઉપયોગ અંગે પણ વિવાદો ઊભા થઈ શકે છે. બાળકોના રમવાના મેદાન, સમુદાયિક કાર્યક્રમો અથવા અન્ય ઉપયોગોને લઈને સભ્યો વચ્ચે મતભેદ સર્જાઈ શકે છે.

તે જ રીતે કોર્નર મકાનોને અન્ય મકાનોની સરખામણીએ વધુ ખુલ્લી જગ્યા મળતી હોવાથી રિડેવલપમેન્ટ સમયે વધારાના લાભ માટે દાવેદારી કરવામાં આવે તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવે છે.

મકાનની બજાર કિંમતમાં તફાવત : મેઈન રોડ પર આવેલા મકાનો, કોર્નર પ્લોટ અને સોસાયટીના અંતિમ ભાગમાં આવેલા મકાનોની બજાર કિંમતમાં તફાવત જોવા મળે છે. રિડેવલપમેન્ટ સમયે "સૌને સમાન લાભ" કે "સ્થાન અનુસાર લાભ" જેવા મુદ્દાઓ પર સભ્યો વચ્ચે વિવાદ સર્જાઈ શકે છે.

કેટલાક રહેવાસીઓનું માનવું છે કે મુખ્ય માર્ગ પર આવેલા મકાનોને વધુ વ્યાવસાયિક મૂલ્ય હોવાથી તેમને અલગ વળતર મળવું જોઈએ, જ્યારે અન્ય સભ્યો સમાનતા માટે દલીલ કરી શકે છે.

ગેરકાયદેસર દુકાનો અને વધારાની માંગણીઓ : કેટલાક વિસ્તારોમાં રહેણાંક મકાનોની સામે વર્ષો દરમિયાન ગેરકાયદેસર રીતે દુકાનો અથવા અન્ય બાંધકામ ઉભા થયાના કિસ્સાઓ જોવા મળે છે. રિડેવલપમેન્ટ વખતે આવા સભ્યો દુકાનોના બદલામાં નવી દુકાનોની માંગણી કરે તો તેના કાનૂની અને નીતિગત પ્રશ્નો ઊભા થઈ શકે છે.

## રૂટને વધુ આકર્ષક અને આધુનિક બનાવાશે

# ભગવાન શ્રી જગન્નાથજી રથયાત્રા માર્ગના નવીનીકરણની ૯૫ ટકા કામગીરી પૂર્ણ

અમદાવાદ : શહેરના મધ્ય ઝોનમાં આવેલ ઐતિહાસિક શ્રી જગન્નાથજી મંદિરથી દર વર્ષે ભગવાન શ્રી જગન્નાથજીની સુપ્રસિદ્ધ રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ રથયાત્રામાં અમદાવાદ શહેર ઉપરાંત રાજ્યભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શનનો લાભ લેવા માટે ઉમટી પડે છે. રથયાત્રા મધ્ય ઝોનના અંદાજે ૧૨ કિલોમીટર લાંબા માર્ગ પરથી પસાર થાય છે.

રથયાત્રા માર્ગને વધુ સુવિધાસભર, આકર્ષક અને આધુનિક બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જમાલપુર ચાર રસ્તાથી શ્રી જગન્નાથજી મંદિર, જમાલપુર દરવાજા, વૈશ્યસભા, ખમાસા થઈ મ્યુનિસિપલ ઓફિસ કેમ્પસ (દાણાપીઠ) સુધીના અંદાજે ૧,૨૦૦ મીટર લાંબા માર્ગના નવીનીકરણ અને સૌંદર્યીકરણનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત જમાલપુર ચાર રસ્તાથી શ્રી જગન્નાથજી મંદિર સુધીના માર્ગ પર પ્લાન્ટેશન સાથે સેન્ટ્રલ મેરિડીયન, સેન્ટર લાઈટિંગ, ગ્રીન પેચ તેમજ કોટા અને ગ્રેનાઈટ સ્ટોનના પેવમેન્ટ સાથે સુવિધાયુક્ત ફૂટપાથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત, મંદિરના પ્રવેશદ્વારથી મંદિરના ગેટ નંબર-૨ તથા સમગ્ર પ્લાઝા વિસ્તારમાં કલાત્મક પેવિંગ અને આકર્ષક લાઈટિંગ સાથે વિશાળ પ્લાઝાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત જમાલપુર દરવાજા, જમાલપુર ચકલા, વૈશ્યસભા, શાહઅલી ગામધણી દરગાહ અને ખમાસા ચાર રસ્તા જેવા મહત્વના જંક્શનોનું પુનઃડિઝાઈનિંગ કરવામાં આવી રહ્યું છે. જેમાં ટેબલ ટોપ, આઈલેન્ડ, શિલ્પકૃતિઓ (સ્કલ્પચર), પ્લેસ મેકિંગ, સેન્ટ્રલ વર્જ, હેંગિંગ લાઈટ્સ સહિતના વિવિધ વિકાસ અને સૌંદર્યીકરણના કાર્યોનો સમાવેશ થાય છે.

રૂ. ૧૯.૫૯ કરોડના ખર્ચે હાથ ધરાયેલા આ સમગ્ર પ્રોજેક્ટનું હાલમાં અંદાજે ૯૫ ટકા કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. બાકીનું કાર્ય પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહ્યું છે અને આગામી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા પૂર્વે સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ રથયાત્રા રૂટ પૈકી જમાલપુર વોર્ડમાં ૧૧૧૦ મીટર, ખાડીયા વોર્ડમાં ૪૬૨૦ મીટર, શાહીબાગ વોર્ડમાં ૧૨૨૦ મીટર, દરિયાપુર વોર્ડમાં ૩૬૪૦ મીટર તેમજ શાહપુર વોર્ડમાં ૧૨૦ મીટર તથા ઉત્તર ઝોન સરસપુર વોર્ડમાં ૧૧૫૦ મીટર મળી કૂલ ૧૩.૦૧ કિલો મીટરનો રૂટ આવે છે. જે પૈકી જમાલપુર ચાર રસ્તાથી ખમાસા ચાર રસ્તા સુધીના રથયાત્રા રૂટ ડેવલોપ કરવાની કામગીરી હાલ ચાલુ છે.

આ વિકાસકાર્ય પૂર્ણ થયા બાદ રથયાત્રા માર્ગ વધુ સુવ્યવસ્થિત, સુરક્ષિત અને આકર્ષક બનશે તેમજ લાખો શ્રદ્ધાળુઓને વધુ સુવિધાજનક અનુભવ પ્રાપ્ત થશે. સાથે જ શહેરના આ ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતા વિસ્તારમાં આધુનિક શહેરી સુવિધાઓ અને સૌંદર્યીકરણનો પણ ઉમેરો થશે.

## રાજ્યમાં ૨૦૮ ફાર્મસી પર એફડીસીએ તંત્ર ત્રાટક્યું

# નશાના રવાડે ચડાવતી દવાના વેચાણ સામે એક્શનઃ ૭૨ દુકાનો સીલ કરાઈ


**રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજયભરમાં ડ્રાઈવ યોજાઈ, કોડીન અલ્યાઝોલમ નાઈટ્રોઝોયામ, ટ્રામાડોલ વગેરે જેવી દવાઓ ગેરકાયદે ખોટી રીતે ના વેચાય તેની પર ધ્યાન આપવાનું શરૂ કરાયું**

અમદાવાદ : ગુજરાતમાં યુવાધનનો નશાના રવાડે ચડાવતી દવાઓનું ધુમ વેચાણ થઈ રહયું છે. ત્યારે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર એફડીસીએ દ્વારા રાજયભરમાં ખાસ ડ્રાઈવ શરૂ કવામાં આવી છે. જેમાં નશા માટે દુરુપયોગ થઈ શકે તેવી દવાઓ જેમ કે કોડીન, અલ્પાઝોલમ, નાઈટાઝેપામ ટ્રામાડોલ અને ઝોલપીડેમ જેવી દવાઓના ગેરકાયદે ખરીદ-વેચાણને રોકવા પ્રયાસ કરાયા છે. ઝુંબેશ અંતર્ગત ૨૦૮ પેડીઓમાં સઘન ચેકીગ કરાયું છે. તેમાંથી હિસાબોમાં વિસંગતા જણાતા ૧૩૧ પેઢીઓને કારણદર્શ્ક નોટીસ ફટકારાઈ છે. જયારે નિયમોની ઐતિહાસિક કરનારી ૭૨ પેઢીઓના વેપાર પર તાત્કાલીક પ્રતીબંધ મુકી ખરીદ વેચાણ બંધ કરાવાયું છે. રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજયભરમાં ડ્રાઈવ યોજાઈ છે. કોડીન અલ્યાઝોલમ નાઈટ્રોઝોયામ, ટ્રામાડોલ વગેરે જેવી દવાઓ ગેરકાયદે ખોટી રીતે ના વેચાય તેની પર ધ્યાન આપવાનું શરૂ કરાયું છે. તપાસ દરમ્યન હિસાબોમાં વિસંગતાની જણાતા ૧૩૧ પેઢીઓને કારણદર્શક નોટીસ ફટકારવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. જયારે ગંભીર નિયમભંગ બદલ ૭૨ પેઢીઓના વેપાર પર તાત્કાલીક પ્રતીબંધ મુકી ખરીદવેચાણ બંધ કરાવાયું છે. દવાઓની ગુણવત્તાના સચોટ મુલ્યાંકન માટે તંત્ર દ્વારા ૫૫ સેમ્પલ પણ લેબોરેટરી ચકાસણી અર્થે લેવામાં આવ્યા છે. પ્રિસ્ક્રીપ્શન વિના કે શંકાસ્પદ રીતે આવી દવાઓનું વેચાણ કરનારાઓ સામે તંત્ર લાલ આંખ કરશે. નિયમોનું ઉલ્લંઘન કરનારી ૧૩૧ પેઢીઓને કારણદર્શ્ક નોટીસ આપ્યા બાદ લાયસન્સ સસ્પેન્ડ કે રદ કરવા સુધીની કડક વહીવટી કાર્યવાહી કરાશે.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.